|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● અ. આસો સુદ-૬ ● તા. ૨૨-૦૯-૨૦૨૦ ● મંગળવાર SDP NO: 157 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

અરવલ્લી ઝોન, સાબર ઝોન અને સાબર રીજીયનમાં YSK સહયોગ નિધિ ચેક અર્પણ કરાયા

(સંયોજક - અલ્પેશ રામાણી, SBR PRO)

સાબર રીજીયન માં ધનસુરા ડિવિઝનના અણીયોર કંપા ના વતની **સ્વ. કોકીલાબેન વસંતભાઈ પોકાર** ના પરીવારજનોને YSK સહયોગ નિધિ નો બીજો ચેક, તથા

મોડાસા ડિવિઝનના ઈશ્વરપુરાકંપાના વતની અને હાલે વેજપુર તા - સાવલી ખાતે વસવાટ કરતા સ્વ. કૈલાસબેન અરવિંદભાઈ સુરાણી ના પરીવારજનોને YSK સહયોગનિધિ નો પ્રથમ ચેક, તેમજ

તલોદ પ્રાંતિજ ડિવિઝનના સલાલ ખાતે રહેતા સ્વ.રમેશભાઈ કેશવલાલ પોકાર ના પરીવારજનોને YSK સહયોગનિધિ નો પ્રથમ ચેક અર્પણ કરવામાં આવ્યો.

આ વેળાએ અરવલ્લી ઝોન, સાબર ઝોન, કેન્દ્રીય યુવાસંઘ, સાબર રીજીયન, ડિવિઝન ટીમ ના હોદ્દેદારો સાથે સ્થાનિક સમાજ ના વડીલો અને યુવક મંડળ ના સભ્યો ઉપસ્થિત રહી આર્થિક સહયોગ સાથે સાંત્વના આપેલ હતી.

વિશ્વની અજાયબી માં સ્થાન મેળવી ચૂક્યું છે દુનિયાનું સૌથી મોટું હિંદુ મંદિર દિલ્હીનું અક્ષરધામ



દિલ્હીનું અક્ષરધામ મંદિર દેશની બીજી ઈમારતોની જેમ પ્રાચીન નથી પણ તે ૧૦,૦૦૦ વર્ષ જૂની ભારતીય સંસ્કૃતિના પ્રતીકો ખુબ જ વિસ્મયકારી, સુંદર, બુદ્ધિમત્તા પૂર્ણ અને સુખદ રીતે પ્રસ્તુત કરે છે. આ ભારતીય શિલ્પકળા, પરંપરાઓ અને પ્રાચીન આધ્યાત્મિક સંદેશો નાં તત્વોને શાનદાર રીતે દેખાડે છે.

અક્ષરધામ એક જ્ઞાનવર્ધક યાત્રા નો એવો અનુભવ છે જે માનવતાની પ્રગતિ, ખુશીઓ અને મિત્રતા માટે ભારતની ભવ્ય કળા, મૂલ્યો અને યોગદાન નું વર્ણન કરે છે.

ઈમારતમાં ક્યાંય પણ સિમેન્ટ અથવા સ્ટીલનો ઉપયોગ થયો નથી. તે હજારો વર્ષ જૂની વાસ્તુ કાલ થી બનાવાયું છે. દિલ્હીનું અક્ષરધામ મંદિર દુનિયાનું સૌથી મોટું હિંદુ મંદિર પરિષર હોવા માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સામેલ છે અને ૨૧ સદીની વિશ્વની સાત અજાયબીમાં પણ સ્થાન મેળવી ચૂક્યું છે.

અમેરિકાની એક રિસર્ચમાં મરતા પહેલા અવશ્ય જુઓ(SeeBeforeYouDia.net) એ દુનિયાના ટોપ ૨૫ સ્થાનોમાં અક્ષરધામને રાખ્યું છે.

દિલ્લી દર્શન માટે આવનારા પ્રવાસીઓમાંથી ૭૦ ટકા આ મંદિર વાસ્તુ કળા અને ભવ્યતા જોવા અવશ્ય પહોચે છે. કલામ સાહેબ રાષ્ટ્રપતિ તરીકે દિલ્હીમાં હતા ત્યારે રાષ્ટ્રપતિ ભવનના મહેમાનોને અક્ષરધામ જોવાનો ખાસ આગ્રહ કરતા. આપણે પણ દિલ્હી જઈએ ત્યારે તેમને આગ્રહ સમજીને પણ અક્ષરધામ દર્શન કરવા જવું જોઈએ.

સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરનું નિર્માણ કાર્ય વિશ્વ વંદનીય સંત પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)એ કર્યું છે. ૧૧૦૦૦ કારીગરો અને હજારો બીએપીએસ સ્વયંસેવકોને વિરાટ ધાર્મિક પ્રયાસોથી માત્ર પાંચ વર્ષમાં આનું નિર્માણ થયું છે.

પ્રમુખ સ્વામી મહારાજે ૨૦૦૫ માં તત્કાલીન રાષ્ટ્રપતિ ડોક્ટર અબ્દુલ કલામ, પ્રધાનમંત્રી મનમોહનસિંહની હાજરીમાં નું લોકાર્પણ કર્યું. યમુના નદીના કિનારે આવેલા આ મંદિરના નિર્માણમાં રાજસ્થાનના ગુલાબી રેતીના પથ્થર અને ઈટાલીના સંગેમરમરનો ઉપયોગ કરાયો છે. આ મંદિરમાં નવ ગુંબજ, ૨૩૪ થાંભલા અને ૨૦ હજારથી વધુ મૂર્તિ છે.

દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિર ૮૬૩૪૨ વર્ગફૂટ જગ્યામાં ફેલાયેલું છે. આ ૩૫૬ ફૂટ લાંબુ ૩૧૬ ફૂટ પહોળું અને ૧૪૧ ફૂટ ઊંચું છે. ગીનીસ બુક તરફથી માઈકલ વીટીએ કહ્યું હતું કે અમને અક્ષરધામની વ્યાપક વાસ્તુ શિલ્પ યોજના નો અભ્યાસ અને બીજા મંદિરની સાથે તેની સરખામણી અને નિરીક્ષણ કરવામાં ત્રણ મહિનાનો સમય લાગ્યો અને તેના પછી જ અમે ચુકાદા પર આવ્યા કે મંદિર ગીનીસ બુકમાં સ્થાન મેળવવાને હકદાર છે. આ પહેલો અવસર છે જ્યારે ગીનીસ બુક પોતાની વિશાળ ધાર્મિક સ્થળની યાદીમાં કોઈ હિંદુ મંદિર માન્યતા આપી છે.

કોરોનાના કેસો વધી રહ્યા છે, જાણો PM મોદી હવે શું કરવાના છે

કોરોનાનું સંક્રમણ હજુ સુધી અટકવાનું નામ નથી લેતું, બલ્કે કોરોનાના કેસમાં પ્રમાણ હવે વધતું જાય છે. તેવા સંજોગોમાં ચિંતાજનક હાલાત પર ચિંતન કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક બોલાવી છે. આ બેઠક ૨૩ સપ્ટેમ્બરે વીડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી થશે આ બેઠકમાં દિલ્હી, યુ.પી, આંધ્રપ્રદેશ, પંજાબ,મહારાષ્ટ્ર સહિત ૭ રાજ્યો ના મુખ્યમંત્રી ભાગ લેશે. દેશમાં મહારાષ્ટ્ર કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. જોકે બીજી તરફ સારી વાત એ જાણવા મળી છે કે રિકવરી રેટમાં ભારત દુનિયામાં પહેલા નંબરે છે. મતલબ કે ભારતમાં દર્દીઓ કોરોનાથી સંક્રમિત તો થાય છે, પણ ઝડપથી સાજા પણ થઈ જાય છે.

ભારતમાં કોરોના પોઝિટિવ કેસ ના આંકડા દરરોજ નવી ઉંચાઈએ પહોંચી રહ્યા છે. કોરોનાનું સંક્રમણ અટકવાનું નામ જ નથી લેતું. ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે ગઈકાલે કોરોનાના આંકડા જાહેર કર્યા છે. જે મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ કુલ કેસની સંખ્યા ૫૫ લાખ ૧૭ હજાર ૬ સો એક નોંધાઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૩ હજાર ૩૭ કોરોના પોઝિટિવ ના નવા કેસ નોંધાયા હતા અને ૧૨૪૭ ના છેલ્લા ૨૪ કલાકમાં મોત થયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૯૫૫૮૦ લોકો સાજા થઈને ઘરે ગયા. અત્યાર સુધીમાં કુલ ૪૨ લાખ ૮ હજાર ૩૧ દર્દીઓ સાજા થયા હોવાનો આંકડો નોંધાયો છે. એટલે ભારતમાં રિકવરી રેટ ૭૯.૨૮ ટકા જેટલો છે. એનો મતલબ એ થાય કે ભારતમાં ૨૦ ટકા જેટલા જ એક્ટિવ કેસો છે. રિકવરી મામલામાં ભારત દુનિયામાં પહેલા નંબરે છે.

દેશના મોટાભાગના રાજ્યોમાં કોરોના કેસ આવી ચુક્યા છે. જે રાજ્ય કોરોના મુક્ત થઈ ગયા હતા, ત્યાં પ્રવાસીઓના આગમનથી ફરી કોરોના ગ્રસ્ત થઈ ગયા. દેશમાં સૌથી પ્રભાવિત રાજ્યોમાં મહારાષ્ટ્ર નું નામ મોખરે છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૬ લાખ ૮૬ હજાર ૬૭૯ કેસ નોંધાયા છે અને ૨૧ હજાર ૧૫૦ ના મોત થયા છે. ભારત સહિત ૧૮૦ દેશો કોરોનાથી પ્રભાવિત છે. દુનિયામાં કોરોનાના કુલ ૩.૦૪ કરોડ કેસ નોંધાયા છે અને ૯.૫૧ લાખ લોકોના મોત થઈ ચુકયા છે

-: સુધાર :-

તેલંગણા આંધ્રા કચ્છ કડવા પાટીદાર સમાજ ઝોન દ્વારા રૂ. એક લાખ પચાસ હજાર (1.5 lakh) P. M. કેયર ફંડમાં શ્રી સમાજ પાસે નોંધાવેલ છે તે માટે એમને ખૂબ ખૂબ ધન્યવાદ....

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨૦. ૦૯. ૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૧૩ :

વસ્તી ની ગણતરીએ સિક્કિમ ભારતનું સૌથી નાનું રાજ્ય છે, વિસ્તાર ની દૃષ્ટિએ દેશનું સૌથી નાનું રાજ્ય / કેન્દ્ર.શા.પ્ર. કયું છે...?? અને સૌથી નાનો કેન્દ્ર શાસિત પ્રદેશ કયો છે...??

જવાબ : રાજ્ય - ગોવા અને કેન્દ્ર શાસિત પ્રદેશ - લક્ષદ્વીપ

જવાબ આપનાર વિજેતા : હિરેન ભરતભાઈ નાયાણી - કોટડા (જ.) ૯૯૨૫૬૧૦૫૦૩

ગઈકાલ તા. ૨૧ / ૦૯ / ૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૧૪ :

માંડવી પાસે કચ્છની શાન કહેવાય એવો એ કયો ભવ્ય મહેલ છે...?
જ્યાં હિન્દી ફિલ્મોની શૂટિંગ પણ થાય છે અને સહેલાણીઓ ફરવા પણ જાય છે...

આજના પ્રશ્ન નંબર ૧૧૫ માટે જુઓ આજની સમાચાર વીડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં
વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...
આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

દરરોજ ની વીડિયો ક્લિપ માં પૂછાતા પ્રશ્ન નંબર ૧૧૩ નાં જવાબ ની સંક્ષિપ્ત માહિતી

દેશનું સૌથી નાનું રાજ્ય - ગોવા

ગોવા એ ભારતનું વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનું રાજ્ય અને વસ્તીની દૃષ્ટિએ ચતુર્થ ક્રમાંકનું રાજ્ય છે. ભારતના પશ્ચિમ દરિયા કિનારે આવેલું આ રાજ્ય કોંકણ વિસ્તાર તરીકે જાણીતું છે, ઉત્તરમાં તે મહારાષ્ટ્ર રાજ્યની અને પૂર્વ અને દક્ષિણે કર્ણાટક રાજ્યની સીમામાં આવેલું છે, અરબી સમુદ્ર તેના પશ્ચિમ દરિયાકિનારાનું સર્જન કરે છે.

પણજી એ રાજ્યની રાજધાની છે, જ્યારે વાસ્કો દ ગામા સૌથી મોટું શહેર છે. મારગોઆનનું ઐતિહાસિક શહેર હજુ પણ પોર્ટુગીઝના સાંસ્કૃતિક પ્રભાવનું પ્રદર્શન કરે છે, જેઓ એક વેપારી તરીકે ૧૬મી સદીના પ્રારંભમાં આ શહેરમાં પ્રવેશ્યા હતા અને ત્યાર બાદ તરત જ તેને જીતી લીધુ હતું. પોર્ટુગીઝના વિદેશી પ્રદેશનું જ્યાં સુધી ૧૯૬૧માં તેને ભારત સાથે જોડવામાં ન આવ્યુ ત્યાં સુધી આશરે ૪૫૦ વર્ષો સુધી અસ્તિત્વમાં રહ્યું હતું.

પોતાના દરિયાકિનારા, ઉપાસનાના સ્થળ અને વૈશ્વિક સંસ્કૃતિ સ્થાપત્ય તરીકે જાણીતા ગોવાની મુલાકાતે દર વર્ષે મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પ્રવાસીઓ આવે છે. પશ્ચિમ ઘાટ પર આવેલા તેના સ્થળને કારણે તે સુંદર વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ ધરાવે છે, જેને બાયોડાયવર્સિટી હોટસ્પોટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે.

ભારત નો સૌથી નાનો કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ

લક્ષદ્વીપ દ્વીપસમુહ એ ભારત દેશનો સૌથી નાનો કેન્દ્રશાસિત પ્રદેશ છે. તેનું પાટનગર કવરત્તી નગરમાં આવેલું છે. લક્ષદ્વીપ ટાપુઓ અરબ સાગરમાં કેરળના દરિયા કિનારાથી ૨૦૦ થી ૩૦૦ કિ.મી. જેટલા અંતરે આવેલા છે. તેમાંથી માત્ર અગિયાર ટાપુઓ પર માનવ વસ્તી છે. ૨૦૦૧માં થયેલી વસ્તી ગણતરી પ્રમાણે લક્ષદ્વીપની વસ્તી ૬૦,૫૯૫ છે. અહીંના બધા ટાપુઓ મળીને કુલ ૩૨ ચોરસ કિલોમીટર (૧૧ ચોરસ માઈલ) જેટલો જમીન વિસ્તાર ધરાવે છે. ભારતને આઝાદી મળી તે પહેલાં આ ક્ષેત્ર બ્રિટિશ શાસનના મલબાર વિભાગના શાસનમાં આવતું હતું.

અવસાન નોંધ

તારીખ : ૨૦/૦૯/૨૦

સ્વ. લક્ષ્મીબેન નાનજી નાકરાણી, ઉમર : ૭૮ વર્ષ
કચ્છ : કોટડા જ., હાલે : કઠલાલ.

સ્વ. ખેતાભાઈ જીવરાજ પોકાર, ઉમર : ૭૯ વર્ષ
કચ્છ : કાદીયા મોટા, હાલે : બેંગ્લોર.

સ્વ. નાનજી ધનજી ભાવાણી, ઉમર : ૮૨ વર્ષ
કચ્છ : આણંદસર, હાલે : રાયપુર.

તારીખ : ૨૧/૦૯/૨૦

સ્વ. વિરજી રામજી સાંખલા, ઉમર : ૭૩ વર્ષ
કચ્છ : રવાપર, હાલે : નાગપુર.

સ્વ. પરસોતમ ગોવિંદ ભાવાણી, ઉમર : ૪૮ વર્ષ
હાલે : ફુલપુરકંપા, દહેગામ.

સ્વ. ઈશ્વર લખમશી વેલાણી, ઉમર : ૬૬ વર્ષ
કચ્છ : દુર્ગાપુર, હાલે : ડોંબીવલી.